માયાવંશી જ્ઞાતીની ઉન્નતી વિષે

બે બોલ અને શીક્ષામાળા.

તથા

મેયાવત રજપુત જ્ઞાતીના કાયદા.

છપાવી પ્રસિદ્ધ કર્તા,
મેયાવત જ્ઞાતીના ભાઈઓ.

સંવત ૧૯૬૫ સન ૧૯૦૯

પ્રત ૩૦૦

— કરાચી —

“પ્રવાસી” પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

— કીમત —

ધર્મ ફંડમાં જે કંઇ અપાય તે.

સાંકળીયું.



માયાવંશી જ્ઞાતીની ઉન્નતિ વિષે બે બોલ.

સાખી.

જો નમે સો આપકો, પરકો નમે ન કોઈ,
ઘાલ તરાજુ તોલીએ, નમે સો ભારી હોય.

પ્રિય બંધુ! આપણે સર્વ સારી રીતે જાણીએ છીએ જે, આ સંસારમાં આપણો જન્મ મુખ્ય બે કારણને માટે થયેલ એમ જણાય છે. એક તો આ સંસારમાં જન્મ લઇ પોતાના શરીરની ઉન્નતી કરી સંસારી સુખ ભોગવવું. બીજું એ કે સાથે સાથે આત્માની ઉન્નતી કરી મોક્ષ પદવી મેળવવી. આજે એને માટે આપણે દરેક ભાઈઓ રાત દીવસ મચી રહેલા છીએ. આ સૃષ્ટીમાં એવો એકનીયમ છે કે કંઈપણ કાર્ય કરવામાં પ્રથમ અંકુશ રૂપી ગુરૂની જરૂરીઆત છે. આત્માની ઉન્નતીને માટે આપણે દરેક જણે ગુરૂ તો કીધોજ છે અને તે સર્વને જોકે આ નીચે

હું નિત્ય સવારના પહોરમ ઉઠી દાતણપાણી સ્નાન કરી પોતાના ઇષ્ટ ગુરૂની સેવા કરીશ.

જણાવેલી સાખી મુજબ શુદ્ધ બુદ્ધ તો મલીજ હોવી જોઈએઃ–

સાખી.

જલ પરમાણે માછલી, ફુલ પરમાણે સુદ્ધ,
જૈસા જાકો ગુરૂ મીલા, તૈસી તાકી બુદ્ધ.

આ બાબદ વિષે આ જગ્યા પર કંઇ વધારે લખાણ કરવાની જરૂર નથી પરંતુ હાલમાંતો આપણે આપણા શરીરની ઉન્નતી અને સુખ મેળવવાને માટે ખાસ એવો એક અંકુશ રાખવાની ઘણીજ અગત્યની જરૂર છે. જ્યાં સુધી આપણા ઉપર કોઇપણ રીતનો અંકુશ નથી ત્યાંસૂધી આ આપણું મોજીલું મન અને ઘણી લાડકણી જીભ પોતાનો ખરો ધર્મ છોડી આડે મારગે એટલે જ્યાં તેની મરજી થાય ત્યાં તે જાય છે. જયારે કોઇ તેનો ઉપરી થાય તો ફરી તેને તેના કાયદાસર વરતવાને અમલમાં મુકે છે. થોડાંક વરસો પર આપણા ઉપર એવી કાંઇ થોડી ઘણી અંકુશ આપણા વડીલોની હતી. પરંતુ આજ કાલ કરતાં લગભગ થોડાક વરસો થયાં એવી કોઇપણ અંકુશ નહીં રહેવાથી આજ એવો એક વખત આવ્યો છે જે મારે તેની તલવાર અને જીતે તેની બાજી એમ થઇ રહ્યું છે. એટલે જેમ જેની મરજીમાં આવે તેમ વરતી રહ્યા છે. અને તેથીજ આપણે સુધારાની કેટલી બધી હદ ઓળંગીને પાર જઇ બેઠા છે કે તેનું વર્ણન કરવાને સાહી કલમની પણ હીમત

ઘરના ખોરાકના પદાર્થો, શરીર, વસ્ત્ર વગેરે ચોખ્ખું રાખીશ.

આગળ ચાલી શકતી નથી. પ્રીય બંધુ! જરા લાંબી નજરથી વિચાર કરી જુવો કે આજે વિદ્યાદેવીએ જયાં ત્યાં દુનીઆની સર્વ વર્ણ ઉપર પોતાની રોશની (પ્રકાશ) નાખી દરેક જણને તેઓની નીદ્રામાંથી જાગૃત કરી રહી છે. આજ તેથીજ સર્વ વર્ણ પોત પોતાનો હક અને વખતને અનુકુળ પડતા સુધારા તથા વધારા કરવાને કમર કસી મચી રહ્યા છે. ત્યારે કહો ફરી શું આપણે કંઈપણ કરવું નહીં? અને માત્ર ખોટો ડોળ દેખાડી બાપદાદાની જુની રૂઢી છોડવી નહીં એવી બુમો પાડયા કરવી? નહીંજ. ભાઇઓ જરા લાંબો વિચાર મન સાથે કરી જોશો તો જણાશે કે આપણો હાલનો પહેરવાશ, બોલવું, ચાલવું, વરતવું, હુશીઆરી, ટુંકમાં દરેક રીતે આપણે પોતાને આગળની રૂઢીથી ઘણાજ સુધરેલા સમજીએ છીએ, તો ફરી બાકી જે એકાદ બે ખોટી રૂઢીઓ છે જે આપણાં દરેક કામમાં આપણને આગળ વધારવાને બદલે પાછળ નાખી દઈ રહી છે તેને શું કામ નહીં જડ મુળથી ઉખેડી નાબુદ કરી આવા મળેલા અમુલ્ય તકનો લાભ લઇ સુખી થઇએ અને વળી તેમજ આગળ જતાં આપણાં બાળબચ્ચાંને સુખના ફલ ચખાડીએ! પ્રીય બંધુ! જોતજોતામાં આપણી નજરની સામે કેટલાં આપણાં સગાં સંબંધીઓ આ નાશવંત સંસાર મુકી પોત પોતાની જીંદગી સારી અથવા માઠી ગુજારી ચાલી ગયા

શરીર માટે કસરત કરીશ, અને વખતસર ભોજન જમીશ.

છે અને આપણે પણ સરવે એક દીવસ આ મુકી ચાલીજ જવાના છીએ. માટે દરેક ભાઇએ પોતાની ફરજ સમજી આવા જ્ઞાતી ઉન્નતીના કામમાં ભાગ લઇ આગળ વધવાની કોશીશ કરે; તેમાં શું ખોટું છે? કંઇજ નહીં. આપણે રાત દીવસ જોકે શાસ્ત્રો વંચાવીએ, સાંભળીએ, ભજનભાવ કરાવીએ, અને વળી સતનારાયણની કથા પણ મંડાવીએ છીએ. ટુંકમાં આપણે આપણા <u>સ્વધર્મ</u> પર ઘણોજ <u>પ્રેમ</u> ધરાવીએ છીએ એટલું બધું કરીને પણ જો આપણે એમ ભુમો પાડીએ કે આપણા બાપદાદાની જુની રૂઢી એકદમ તદન કાઢી નાખીએ તો ફરી નામ નીચું પડી જાય એ કેવી અજબ અને વળી અજબની વાત છે. શું આવા વિચારો જુના મગજવાળામાંથી નીકળવા જોઇએ? નહીંજ. પણ આજે તેમનાજ પુત્ર નવા મગજના ભાઈઓએ આવી જુની રૂઢી જે સર્વનો ઘાણ વાળી રહી છે, તેનો જડ મુળથી નાશ કરવામાંજ આજે કમર કસી હીમત હથીઆર, ને સાથે ધીરજની ઢાલ લઇ બહાર નીકળી પડેલા છે. ઇશ્વર તેવા સર્વ ભાઈઓને સુખનો લાભ આપશે એમાં કાંઇપણ સંદેહ નથી. આપણે સર્વ ભાઇઓ ખુબ સારી રીતે જાણીએ બલકે ઘણાક ભાઇઓના અનુભવની વાત છે કે આવી જુની રૂઢીએ આપણા લોકની કેટલી ખરાબી કીધી છે. અને જ્યાં સુધી એને નથી છોડતા ત્યાંસુધી તે પોતાનું કામ

સર્વનું ભલુ થવાની વૃતિ રાખીશ, કોઇનું ખોટું ઇછીશ નહીં.

કરતીજ રહેલી છે. પ્રીય ભાઇઓ આટલું જાણીને પણ આવા બોલો જેવાકે:—"આ કામ તો બનવું મુશકેલ છે" "આપણા બાપદાદા ખાતા પીતા ગયા" "આપણે તેઓની રૂઢી એન ચાલીએ તો અપમાન કર્યું કહેવાય" અથવા "બાપદાદાનું નામ હલકું થાય" આવા આવા ઉમદા વિચારો જો કદાચ કાચા કાનવાળા આગળ કોઇ કરે તો ખરેખર તે બાપડાનું મન રૂપીએ પંદર આના અને વળી અગીઆર પાઈ જેટલું ફરીતો જાય એમાં કાંઇ શક નહીં. અગર કોઇ ભાઇને આવા ઉમદા વિચારો બહાર જણાવવા વગર કદાચ નહીંજ રહેવાતું હોયતો તેણે કૃપા કરી કોઇ એવા પાકા કાન વાળા આગળ કરે તો માં કોઇને કાંઇ બાધ નથી.

ઘણીક વાર એવા પણ બનાવો બન્યા છે જે ભોગજોગે કોઇ બાપડો ધર્મની ફરજ સમજી કંઇ પંચનું કામ ઉપાડે અને પાંચ ભાઇઓને ભેગા કરે તો પછી બીજેજ દીવસે જોઇ લેવું! તેવા ભાઇને શું શું ધન્યવાદની ઉપમા ભાઇઓ તેમજ વળી સાથે સાથે બાઇઓ તરફથી પણ મલે છે. આવા ધન્યવાદથી તે ભાઇને કેટલો આનંદ થતો હશે તેતો તેજ બાપડો સમજી શકે. તેવી ઉપમા અને ધન્યવાદનો બોજા ઉપાડી તે બાપડો દબાઈ જઇ ફરી કોઇવાર બહાર નીકળવાની હીમત ધરતો

હું કોઇપણ વ્યસન કરીશ નહીં.

નથી. વળી અધુરામાં પુરૂં થોડાક ભાઈઓતો એવું કહે છે કેઃ- (જાણે કોઇપર દાવો કરતો હોય તેમ) નહાવા ધોવાની પહેલી બંદોબસ્તી કરો હુજી આ વાતતો હવામાંજ ડોલે છે. તો બીજો ભાઇ આસ્તેથી શું બોલે છે જે, અરે કોઇ આપણા જુના મંદિરને તો જુઓ કંઇ વિચાર કરો આ બે વાત તો જાણે બોલતામાંજ બની ગઇ હોય એમ સમજી ત્રીજો ભાઇ ત્રીજા ખુણામાંથી ખુબ ઘાંટો તાણી તાણીને બોલી ઉઠે છે કે, ભાઈઓ તમો આ સરવે કામને પડતું મુકો અને જુના જુના દાપાના પૈસા પહેલાં કઢાવો એટલામાંતો ચોથો ભાઇ જે જરા શાંતિ પકડી બેઠો હોય તેતો વળી જુનામાં જુની વાતો પેટમાંથી તાણી ખેંચી બહાર પાડે અને વળી તેનો ઇનસાફ માગે. વાહ ભાઇ વાહ!!! આવાજ ઝડપથી જો બોલતાની સાથેજ જો સર્વ કામો થયાં હોત તો આજે આપણે એક સુધારાની છેલ્લી ટોચ પર જઇ બેસતે. આવા ભાઇઓનું બોલવું જોકે વાજબી તો છેજ એમાં કાંઇ સંદેહ નથી પણ અહીંતો વાંધો મોટો એ આવી પડે છે કે આપણી પંચમાતા કોઇ ભાઇને રાજી પ્રસન થઇ કંઇ કપાળે ચાંદલો તો કરતી નથી! ત્યારે આવી બુમો બરાડા મારી નકામા ઘાંટા દુખવવા એ કોના લેખે? માત્ર આ આપણી અમુલ્ય વાણી ધુમાડાના બાચકાની

માફક ઉડાવી દઇએ છીએ. મનુષ્ય માત્રની ફરજ છે જે કોઇ પણ વાણી મુખથી બહાર પાડવાની આગળ પુરતો વીચાર પોતાના મન સાથે કરી સભ્યતાથી વાજબી વાણી બહાર કાઢવી. એ પરમાણેની વાણી કાઢવાથી કોઇ પાંચ ભાઇઓ તેનો વીચાર કરી કંઇ તોલ કરસે. નહીંતો પછી આ કહેવત છે કે:-તેરા મેરા બોલના નદીમેં ભૈય ગયા, ભુટા લે ગયા ચોર, ટડેલા રે ગયા એમ થાય છે. જો આ નવા સુધારાની રીત પરમાણે વરતતા કોઈ આડો આવશે તો ફરી છોડી દેતાં વાર કેટલી! છોડવું અને પકડવું એતો માત્ર દરેક જણના "મેલ કરવત" ના, જેમ હાથગાંજ છે.

વળી એવોજ એક દાયદો પણ રાખેલોજ છે જે વખતને અનુકુળ પડતો વધારો તથા ઘટાડો કરવાને આપ ભાઇઓ અખત્યારવાનજ છો. તો ફરી આમાં સામીલ થવાને શું બીક છે? શું એમ કરવાથી કંઈ આપણે ગરીબ ગણાશું? કારણકે ગેરવાજબી નાત જાતનો ખર્ચ ઘટાડી ગરીબ બનવું એજ આપણુને આ કામમાં બાધ કરતી જણાઈ છે. પરંતુ ભાઇઓ આપણામાં વડીલોની કહેવત છે કે, "ગરીબાઇ એજ અદલ બાદશાહી છે. ત્યારે આપણુને ગરીબ બનવામાં શું હીણપત આવી પડે છે? અગર કોઇને ખર્ચના મોઢે કંઇ વધારે નાણું

ખરચવું હોય તો શું કોઇ બીજા રસ્તા નથી? ઘણાજ છે. વાસ્તે હરેક નાના તેમજ મોટા ભાઈઓ સર્વે એકજ અવાજે આ શુભ કામમાં ભાગ લેવાને બહાર પડો!!! ઇશ્વર કરશેતો હવે પછી સરવે વાના ... આવી વિનંતી પુર્વક અરજ છે.

આપણા શાસ્ત્રોમાંની એક ચાર શીક્ષામાળા આ જગ્યાએ વાજબી ધારી નોંધ કરવામાં આવી છે. જે આપણે સર્વ ભાઇઓ ધ્યાન દઈ વાંચો તે પરમાણે વરતવાથી અવશ્ય કંઇ લાભજ થશે:—

૧—જુવાની દિવાની જેવી છે એ અવસ્થામાં જુવાન છોકરાઓ વારંવાર સભ્યતાની મર્યાદ છોડી દેતા જણાય છે. નમ્રતા, ક્ષમા, શાંતી, સરલતા વગેરેના જે જે સારા ગુણો છે તે સર્વ તેઓમાં હોતા નથી. પરંતુ ઉદ્ધતપણું, અવિવેક, તોફાન, પાખંડ અને ફક્કડાઇ વગેરેની કુચાલોની પાકી છાપ પડેલી જણાય છે. માટે હરેક જણે જુવાની જાળવી સદઉપયોગ માર્ગમાં વરતવું.

૨—ઘણાકનું એવું સમજવું છે જે ગાળ દેનારને ગાળ દેવી અને ક્રોધીની સામે ક્રોધી થવું વાજબી છે. પરંતુ ધર્મશાસ્ત્ર

તો તે માન્ય કરતું નથી. ક્રોધ સામે ક્રોધ અને ગાળને બદલે ગાળ આપવી એમાં બંન્ને પક્ષની સરખીજ કીમત થાય છે. પરંતુ સામો ધણી જો તેમ ન કરે તો ક્રોધ કરનાર તથા ગાળ દેનાર સામા ધણીની શાંતીથી પોતે લજ્જીત થઈ પસ્તાવો કરે છે. અથવા ટુંકમાં જ્યારે કોઇ નઠારો માણસ નઠારાપણું બતાવે ત્યારે સારા માણસે સારાપણું શા માટે નહીં બતાવવું? બતાવવુંજ જોઇએ.

૩—બ્રહ્મચર્ય એનો બીજો અર્થ વીર્ય રક્ષણ છે. શાસ્ત્રોમાં બ્રહ્મચર્યને યજ્ઞ બરાબર ગણેલો છે. વીર્ય એજ આ શરીરનો મુખ્ય પાયો છે. એજ ચૈતન્ય છે. અને એજ મનુષ્ય માત્રનું જીવન છે. માટે જુવાનીમાં બ્રહ્મચર્ય પાળો (એટલે વીર્યને સાંચવો વ્યર્થ ગુમાવો નહીં) એમાજ સર્વનું સુખ સમાયલું છે. બ્રહ્મચર્યનો ભંગ કરવાથી એટલે વીર્ય હજી પરિપક્વ થયા પહેલાં કાચી વયમાં લગન કરવાથી અથવા સ્ત્રી સંબંધ રાખવાથી આ જગતમાં જેટલી ખરાબી થાય છે તેટલી બીજા કશાથી થતી નથી.

૪—જો તમારે સારા પિતા થવું હોય તો દશરથ નું દ્રષ્ટાંત લેજો, સારા પુત્ર થવું હોયતો શ્રાવણનું સમરણ કરજો, બંધુઓ બનવાને ભરત તથા લક્ષમણ ને ધ્યાનમાં રાખજો, પતિ થવું

હાય તો શ્રી રામનું રટણ કરજો, સતી થવું હાયતો સીતાજીનું સમરણ કરજો અને જો સેવકજ બનવું હાય તો ફરી હનુમાનજીને હૈયામાં ધરજો.

પ્રિય બંધુઓ! આ લખાણમાં જો કોઇપણ દોષ આપને જોવામાં આવે તો તે ઉપર લક્ષ ન આપતાં દરગુજર કરી માત્ર મૂળ હેતુ શું છે તે જોવાનું છે જેમાં આપણા સર્વનું હીત સમાયલું છે. તથાસ્તુ.

લી. આપ બંધુઓનો તાબેદાર રંક,

વીસરામ ફકીરજી વ.

મેયાવત રજપુત જ્ઞાતીના કાયદા.

પંચનો ઠરાવ.

કરાચીની માયાવંશી પંચના ભાઇઓ ભેગા થઇ આપણી જ્ઞાતીમાં જે કંઇ અશુદ્ધ રિવાજો તેમજ જુની રૂઢીઓ જે કંઇ ચાલુ છે. તે સરવે પર પુરતો વિચાર કરી નીચે મુજબ પંચના કાયદા મુકરર કર્યા છે. તેમજ તે સરવેને છપાવી રજીસ્ટર કરાવ્યા બાદ તે દીવસથી સરૂ થયા એવો પાકો ઠરાવ કીધો છે.

આ સરવે કાયદા અમો અમારા સત્યધર્મ ને બાપદાદાનાં કોલથી તે પરમાણે વરતવાને કોઇપણ રીતનો વાંધો લીધા વગર બંધાઇએ છીએ.

એ ઉપરાંત અમો જો એ ઠેરાવેલા કાયદાથી વીરૂધ વરતીએ અથવા એવી બીજી કોઇને ખોટી લાગણીની ઉશકેરણી કરીએ તો અમોને અમારા ઇષ્ટ ગુરૂની આણ છે. તેમજ પંચના ગુનેગાર ઠરીશું.

આ સરવે કાયદા અમોને તેમજ અમારા વરવારસોને મંજુર છે. તેમજ એ સરવે કાયદા અમોએ સારી ગાણી વાંચી તથા સમજી એ ઉપર વરતવાને અમોએ અમારી રાજીખુશીથી સહી કરી છે.

કરજ નહીં કરીશ.

કાયદો ૧ લો.
આદરણી વિષે.

આદરણીના દીવસે બન્ને પક્ષોના ગૃહસ્થો તથા સ્ત્રીઓ મંદીર અથવા બીજી કોઇ એવી અમુક મર્યાદવાળી એકાંત જગ્યામાં બેસી બ્રાહ્મણ પાસે ધર્મ વિધી પ્રમાણે આદરણી કરાવવી બાદ સર્વે આવેલા સગા સંબંધીઓને ફુલ પાન બીડી તથા બીજી કંઇ મીષ્ટ વસ્તુ આપી પ્રેમથી મળી ભેટી સૌ પોત પોતાના ઘેર વિદાય થવું.

કાયદો ૨ જો.
કંકોત્રી વિષે.

જે દીવસે કંકોત્રી લેવી હોય તે દીવસે બન્ને પક્ષોના પાંચ પાંચ ગ્રહસ્થો અથવા સ્ત્રીઓ સાથે મળી બ્રાહ્મણને ત્યાં જઇ કંકોત્રી લેવી. બાદ પોત પોતાનાં સગાંવહાલાંને જે કંઇ માન પાન આપવું ઘટે તે સર્વે સભ્યતાથી ઘેર જઇને આપવું.

કાયદો ૩ જો.

ધાણુ—ગણેશ પાટ વિષે.

આ દીવસે બ્રાહ્મણ પાસે વિધી પરમાણે ધાણુ-ગણેશ પાટની ક્રિયા કરાવવી. તે વખતે સ્ત્રીઓએ કોઈપણ રીતનાં નિર્લજ ગીત ગાવાં નહીં. પરંતુ રસીલાં ગીત ગાવાં. ઘેર જતી વેળા દરેક બાઈને પાંચ પાંચ પતાસાં અથવા લાડવા આપી પ્રેમથી વિદાય કરવાં.

કાયદો ૪ થો.

માંડવ તથા મોસાળીઆ વિષે.

લગન કરનાર બન્ને પક્ષવાળાઓએ નાતીલા ભાઈઓનું તેમજ મોસાળીઆનું પોત પોતાને માંડવે તેડું કરવું. બાદ તેવા આવેલા નાતીલા ભાઈઓને તથા મોસાળીઆને પ્રેમથી મલી ભેટી માંડવમાં બેસાડી ફૂલ પાન બીડી વગેરેનું સૌ સૌને ઘટતું માન પાન આપી પ્રેમથી વિદાય કરવાં.

ભવીષ્યનાં દુઃખ માટે પૈસો જમા કરીશ અને તે નકામો મોજમજાને માટે વાપરીશ નહીં.

ફાયદો ૫ મો.

મોસાળુ લઇ જનાર વિષે.

મોસાળુ લઇ જનાર ધણીએ પોતાને ઘેર સગાં સંબંધીઓનું તેડું કરી ફુલ પાન બીડી વગેરેનું ઘટતું માન આપી બેસાડવું. બાદ જતી વેળા (જેને માંડવે જવું હોય ત્યાં) રસીલાં ગીત ગાતાં જવું.

ફાયદો ૬ ઠો.

લગન પ્રસંગો પર ગીત ગાવા વિષે.

લગનની કંકોત્રી લીધા બાદ સ્ત્રીઓ જે વર તથા કન્યાને ત્યાં ગીત ગાવા આવે છે તેમની પાસે લગનનાં રસીલાં ગીત ગવાડવાં બાદ ઘેર જતી વેળા દરેક બાઇઓને સાકરીઆ ચણા અથવા પતાસાં આપી પ્રેમથી વીદાય કરવાં.

ફાયદો ૭ મો.

જાન વિષે.

જાનને દીવસે મુકરર કરેલા વખતે બ્રાહ્મણ પાસે લગન લેવાડવાં. જાનનીઓ તથા બીજા આવેલા ભાઈઓએ વર રાજા

સાથે મલી રસીલાં ગીત ગાતાં કન્યાને માંડવે જવું તે વખતે કોઇપણુ જાતનાં નિર્લજ ગીતો રસ્તા પર તેમજ કન્યાને માંડવે ગાવાની સખત મનાઇ છે.

કાયદો ૮ મો.

ભારીયા વિષે.

ભારીયામાં આવનાર દરેક ભાઇઓએ વરના માંડવે એકઠા થવું તે રાત્રે આવેલા ભાઇઓને કુંત્ર પાન તથા બીડી વગેરેનું માન આપ્યા બાદ બધા સાથે મલી સાધારણ વાજીંત્ર સાથે કન્યાને માંડવે આવવું.

કાયદો ૯ મો.

ચોરી મંગલ વિષે.

આ દીવસે જે કંઇ વખત બ્રાહ્મણથી મુકરર થયો હોય તે વખતે શાસ્ત્ર વિધી પરમાણે ચોરી મંગલની ક્રીયા કરાવવી અને મંગલ ગીત ગાવાં. તે વખતે કોઇપણ જાતના નિર્લજ શબ્દો તેમજ ખરાબ વરતણુક વાપરવી નહીં. ચોરીના વખતે ચોખા માત્ર વર કન્યા પર રીતસર નાખવા બીજા કોઈ પર નાખવા નહીં.

કાયદો ૧૦ મો.

ખીચડી ખવડાવવા વિષે.

આ દીવસે વર તરફથી જેટલી બાઇઓ ઉભેલ બાંધીને આવી હોય તેમજ બીજી જાનનીઓ જે કોઇ આવી હોય તેમને વરરાજા તથા અઢવણ સાથે બાર વાગતાની અંદર દાળ ભાત તથા કંઇ મીષ્ટ ભોજન ખવડાવી દેવું. બાદ વરરાજા સાથે બહાર દેવ મંદીરે જઇ ચાર પાંચ વાગતમાં માંડવે પાછું આવવું.

કાયદો ૧૧ મો.

નાત જમણ વિષે.

લગન કરનાર બન્ને પક્ષવાળાઓએ પોતપોતાના લાગતાં વળગતાં સગાં વહાલાંઓને જમણને માટે તેડું કરવું અને જો ઘરધણીની મરજી હોયતો કુલ પંચનું તેડું કરવું એ ઘરધણીની મરજી પર આધાર છે. જમણનો વખત ચારથી તે છ વાગા સુધીનો મુકરર કીધેલો છે. ખુલાસો જુવો <u>નોટ</u> બીજા પાનામાં.

હું સર્વ કુટુંબ તથા જ્ઞાતી બંધુ સાથે સંપથી રહીશ,
અને તન મન ધનથી મદદ કરીશ.

નોટઃ—આ બાબદમાં પંચના ભાઇઓ ઘણીક વાર બોલી ચુકયા છે જે કુલ પંચ નાત જમણને માટે આવતી નથી તેથી ઘરધણીનો ખરચ બગડે છે અને ભોજનની ખરાબી થાય છે. અગર ઘર ધણી જયારે કંઇ વીચારથી થોડા ભોજનની બંદોબસ્તી કરે છે ત્યારે ઘણાક ભાઇઓ આવી પડવાથી ઘર ધણીને ઘણીજ મુંઝવણ પડી આવે છે અને તેવા નીરદોષ ભાઇઓ ખરચ કરીને પણ પંચના ઠપકાને પાત્ર થાય છે. માટેજ ઉપલો કાયદો દરેક ભાઇઓને સગવડ પડે તેથીજ મુકરર કરવામાં આવ્યો છે.

કાયદો ૧૨ મો.

જાન વોળામણી વિષે (વરતાવો.)

આ વખતે આવેલાં સગાં સંબંધીઓ તથા વરરાજાને રીતસર ઘટતું માન આપી દસ વાગતાની અંદર વિદાય કરી દેવું.

કાયદો ૧૩મો.

મોસાળીઆને વળાવવા વિષે.

આ દીવસે આવેલા સગાં સંબંધીઓ તથા મોસાળીઆને

હું હમેશાં કંઇ નવું નવું જ્ઞાન શોધી જ્ઞાતી બંધુની સેવામાં મુકીશ.

દાળ ભાત તથા મીષ્ટ ભોજન કરાવી મલી ભેટી મોસાળીઆની રીત પરમાણે વીદાય કરવા.

કાયદો ૧૪ મો.

પરોણા વિષે.

આ દીવસે પાંચ ગ્રહસ્થો તથા સીઓએ વર કન્યાનું તેડું કરવા જવું. તે દીવસે આવેલાં સગાં વહાલાંને મીષ્ટ ભોજન ફુલ પાન વગેરેનું માન આપી વીદાય કરવાં.

કાયદો ૧૫ મો.

વર તરફથી કન્યાને આપવા વિષે.

કન્યાને સોનાની હાંસડી તોલા ૧ ની
મંગલ સુત સોનાનું તોલા ૦। નું (પાનું)
વેરીયું અને વીંટલો ચાંદીનું
પગની જોડી
એક સાડી રૂપીઆ છથી તે બાર સુધીની

કાયદો ૧૬ મો.

કન્યા તરફથી વરને આપવા વિષે.

રેશમનો ડગલો સીવાણ સુધાં રૂપીઆ દસ સુધીનો

ખરા મનથી ધર્મ શાસ્ત્ર વાંચીશ તથા સાંભળીશ અને આત્માની ઉન્નતી કરીશ.

વાસેણ પાંચ હાંડો, ઘડો, લોટો વાટકો અને થાળી
વીંટી સોનાની આશરે ૦॥। પોણા તોલાની
બે કાપડાં તથા એક થેપાડું

આ બન્ને કાયદામાંથી (૧૫ અને ૧૬) કોઇપણ જાતનો વધારો કરવો નહીં. અગર ઓછું કરવા માગે તો બન્ને પક્ષની મરજી પર છે.

કાયદો ૧૭ મો.

નાતરાં વિષે.

નાતરાંની બેઠકના દીવસે બન્ને પક્ષવાળા મળી મંદીર અથવા કોઇ બીજાની જગ્યામાં પંચ કમીટીના ભાઈઓને એકઠા કરવા. બેઉની ઘટતી પડપુછ કરી વાજબી જોઇ તે કામ કરવાની પરવાનગી પંચ કમીટીના ભાઇઓએ આપવી. બાદ રીત પરમાણે આવેલા ભાઇઓને માન પત્ર આપી તે બાઇને કાપડાનો રૂપીઓ આપીને નાતરાનો દીવસ મુકરર કરવો. નાતરૂ કરનાર ભાઇએ પાંચ નાની મોટી જણુસો અને રૂપીઆ રોકડા પચીસ કન્યાના માબાપને અથવા વારસને આપવા.

રાત્રે સુતી પહેલાં દિવસનાં કામોનો વિચાર કરીશ કે તે સર્વ વાજબી કર્યાં છે કે નહીં જો તે વાજબી ન જણાશે તો ઇશ્વર પાસે માફી માંગી પસ્તાવો કરીશ અને તે ફરી ન થવા પામે તેની કોશીશ કરીશ.

તેમાંથી સાડા સાત રૂપીઆ પંચ સુધારાના ફંડમાં આપવા. લેણદેણ વીશે કંઇ બીજી બંદોબસ્તી કરવી હોય તો પંચ કમીટીના ભાઇઓની સલાહથી કરવી.

કાયદો ૧૮ મો.

નાતરૂ કરનાર ભાઇ વિષે.

નાતરૂ કરનાર ભાઇએ મંદીર અથવા પોતાની જગ્યામાં સગાંવહાલાંઓને તેડું કરવું. બાદ તેવા આવેલા ભાઇઓને ફુલ પાન ચાય વગેરેનું માન આપી નાતરૂ કરનાર બાઇને ત્યાં પધારવું.

કાયદો ૧૯ મો.

નાતરૂ કરનાર બાઇ વિષે.

નાતરૂ કરનાર બાઇએ અથવા તેમના વારસોએ આવેલાં સગાં વહાલાંને રીત પરમાણે માન આપી પોતાની જગ્યામાં લઇ બેસવા. તથા પાન સોપારી બીડી તમાકુ અને બની શકે તો ચા પાણી આપી માન આપવું. વરરાજા તથા અઢવણને ઘરમાં બેસાડી કાંઇ મીઠું ભોજન જમાડવું. બ્રાહ્મણ પાસે નાતરાની ક્રીયા રીત પરમાણે કરાવવી.

કાયદો ૨૦ મો.

લગન પ્રસંગોમાં નાત સંબંધી કામોમાં પરજાત તથા પારકી નાતના માણસોને બોલાવવું નહીં. જે કંઇ માન તેઓને આવા પ્રસંગમાં આપવું ઘટતું હોય તો તે આડે દીવસે અથવા પંચની ગેરહાજરીમાં આપવું.

કાયદો ૨૧ મો.

નીચલી બાબદો પર કાંઇપણ વ્યસન કરવો નહીં.

૧—આણામાં ૨—નામ રાસ પુછાવવામાં

૩—વૈરા ફોટ કરવા જાય ત્યારે ૪—ભાતી વેલા

૫—છોકરા છોકરીને વાર તહેવારના તેડું કરવા જાય ત્યારે

૬—નાત જમાતે તથા કોઇપણ પંચના સારા મઠા કામમાં

કાયદો ૨૨ મો.

ફારગતી વિષે.

બન્ને પક્ષવાળાઓ રાજી ખુશીથી ફારગતી માગે તો તેને રૂપીઆ એકાવન પંચ ફંડમાં દેવા પડશે. અગર સ્ત્રી પુરૂષ એક બીજાની વીરૂદ્ધતાથી જે માણસ કાયલ થશે તેમની પાસેથી એકાવન રૂપીઆ લેવામાં આવશે જેમાંથી સાડાબાર રૂપીઆ

પંચ ફંડમાં જમે થશે અને બાકીના રૂપીઆ નીરઆશ્રીતને આપવામાં આવશે એમાં કંઈ વધતું ઘટતું કરવું હોય તો પંચ કમીટીને અખત્યાર છે.

કાયદો ૨૩ મો.

પંચ કમીટીનો અધીકાર.

આ પંચના દરેક કાયદામાં વખતને અનુકુળ પડતો વધારો તથા ઘટાડો કરવાને પંચ કમીટીના ભાઇઓને અખત્યાર છે.

કાયદો ૨૪ મો.

દંડ વિષે.

પંચ સંબંધી કાયદામાં દરશાવેલી દરેક બાબદ પર દારૂ તાડી વગેરેનો વ્યસન કરવો નહીં. અગર. જે કોઇ વાપરશે અથવા કાયદાનો ભંગ કરશે તો તેને રૂપીઆ એકથી એકાવન સુધીનો દંડ કરવાને પંચ કમીટીને આધીકાર છે.

કાયદો ૨૫ મો.

સનાન સુતક વિષે.

કોઇપણ ગ્રહસ્થ અથવા બાઇને સનાન સુતક કરવું પડે તો તેણે માત્ર પોતાના સગાવહાલાનેજ બોલાવી બ્રાહ્મણ પાસે

વીધી પ્રમાણે ક્રીયા કરાવવી. જો બનેતો નાતનું તેડું કરી એક સાધારણ તેના નામથી ભજન કરાવવું. એ ધણીના મરજી પર આધાર છે.

કાયદો ૨૬ મો.

મૃત્ય વિષે.

આ દીવસે ઘર દીઠ એક ભાઈએ જરૂર કરીને આવવુંજ અને મટીને મંજલ પોહુચાડ્યા બાદ સ્નાન કરી મંદીર અથવા મુકરર કરેલી જગામાં બેસી બ્રાહ્મણ પાસે વીધી પરમાણે ક્રીયા કરાવવી. બાદ માત્ર બીડી તમાકુ કરી પોત પોતાને ઘેર જવું. જેમને ભાતીનું ઘટતું હોયતો તેવણે ઘેર જઇ ભાતી જમાડવી. એકજ ભાઇ બે ત્રણ વાર કોઇપણ કારણ સીવાય આ કામમાં ભાગ નહીં લેશે તો તેવા ભાઇની નોંધ રાખી પુછવામાં આવશે માટે ધરમની ફરજ સમજી દરેક ભાઇએ આવવુંજ.

કાયદો ૨૭ મો.

દહાડા વિષે.

જે દીવસે દહાડો (નાત જમણ) હોય તે દીવસે નાતના જમણના માટે સગાં સંબંધીઓને તેડું કરવું-અથવા બની શકે તો આખી પંચને બોલાવી માત્ર દાળ ભાતનું ભોજન કરાવવું અને જે કોઇ ભાઇથી એટલુંબી નહીં બની શકે તો પાંચ સાધુ બ્રાહ્મણને જમાડવું.

કાયદો ૨૮ મો.

વરતણુક-સભ્યતા વિષે.

કોઈપણ ગૃહસ્થ અથવા સ્ત્રીની ગેરવાજબી વરતણુક આડે દીવસે પણ પંચના જોવામાં અથવા સાંભળવામાં આવશે અથવા કોઇપણ ભાઇ પંચ કમીટીનાં ભાઈઓને જાહેર કરશે તો તેવા વરતનારને ગુનેગાર ઠેરવી કાયલ કરવામાં આવશે.

કાયદો ૨૯ મો.

બ્રાહ્મણ વિષે.

પંચના મુકરર કરેલા બ્રાહ્મણોએ પંચના દરેક ભાઇઓના સારા અથવા માઠા કોઈપણ કાર્ય શાસ્ત્રની રીતી પરમાણે કરવું તેમજ પંચ સંબંધી દરેક કામો મુખી અથવા પંચ કમીટીની સલાહ વગર કરવું નહીં.

કાયદો ૩૦ મો.

વાદિ પરવાદિ વિષે.

કોઇપણ ગ્રહસ્થ અથવા સ્ત્રીએ પોતાની જ્ઞાતીના વાદ વિવાદ સંબંધીની કોઈપણ તકરાર પ્રથમ પંચ કમીટીના ભાઇઓને જાહેર કરવી બાદ જો તેનો પુરતો ઇનસાફ નહીં મેળવી શકે તો ફરી તેને સરકારથી ઇનસાફ મેળવવાની છુટ છે.

ક્ષમા સમાન બીજું તપ નથી.

પંચ કમીટીના ભાઇઓનાં નામ.

મકનજી હાસાભાઇ

લાલદાસ જેઠાભાઇ	ગણેશદાસ રૂપાજી
કાનજી દયાલજી	અમરભાઈ રતનદાસ
અમરભાઇ લાલદાસ	પરભુદાસ ભગવાનજી
ગોવીંદજી પ્રેમજી	વીસરામજી પ્રેમજી
સામજી જેરામભાઇ	ડાયાભાઇ પ્રેમજી
ભગવાનદાસ વાલજીભાઇ	નરસીદાસ ભગવાનજી

યાદી (નોટ.)

પ્રીય બંધુઓ, જ્ઞાતી ઊન્નતી તથા સુધારા માટે દરેક ભાઇની ફરજ છે જે તેઓએ આ ચાલુ વખતને અનુકુળ પડતા રીવાજો તેમજ બીજા જે કંઈ તેઓ વાજબી ધારતા હોય તે સર્વનો વિચાર કરી અમલમાં મુકવા વિષે પ્રયત્ન કરશે. તથાસ્તુ.

સંતોષ સમાન બીજું સુખ નથી.

પ્રિય બંધુઓ! આ એક અમુલ્ય તકનો લાભ લઇ જ્ઞાતી બંધુઓના ધન્યવાદના બે બોલ આ જગ્યાએ અવશ્ય વાજબી ધારી નોંધ કરી છે:—

આપણા મહેરબાન પ્રિય બંધુ મકનજી કુબેર પેન્ટર સ્વજ્ઞાતીનું હીત જાણી આજે દેશ પરદેશમાં જ્ઞાતી અભીમાન પ્રકાશ નો ફેલાવો કરી દરેક ભાઇઓના નાસીપાસી થયેલા અંતઃકરણને આગળ વધવાની ઉત્તશા દરશાવી. જેને માટે આપણ સરવે તેમનો મોટા ધન્યવાદ સાથે આભાર માનવો જોઇએ. તેમજ વળી અમારા પ્રેમી બંધુ રા. રા. ગણેશદાસ રૂપાજી પેન્શનર જેણે આ અવકાશનો લાભ લઇ ઘણીજ ઉત્તશાહ ભરેલી લાગણીથી કબીર સમાજના ભાઇઓ સાથે મલી આપણી પંચના ભાઇઓને એકત્ર કરવામાં જે કંઇ પરીશ્રમ ઊપાડયો તેના ફળનો આ એક લાભ સમજી અને તેમાં એકજ અવાજે દરેક ભાગ લેનારા ભાઇઓ જેઓનાં નામ છેલ્લા પાનામાં દરશાવેલા છે તે સર્વનો મોટા ધન્યવાદ સાથે આભાર માની આશા રાખું છું જે:—

——દોહરો.——

પ્રિય બંધુ! સ્વજ્ઞાતીની, કરશો સેવા અપાર,
સ્વધર્મની ફરજ જાણી, ઉન્નતી ઉર ધરશો એક વાર.

લી. આપ બંધુઓનો તાબેદાર,
શુભેચ્છક,
વીશરામ ફકીરજી કલાર્ક કરાચી.

દયા સમાન બીજો કોઇ ધર્મ નથી.

અગત્યની સુચના.

આપણુ સરવે જ્ઞાતી બંધુઓ એક મન અને તનથી યથાશકતી પરમાણે જ્ઞાતીની સેવા બજાવવામાં, તેમનું ભલુ ઇચ્છવામાં, નીરાધાર બંધુઓને સાહાયતા આપવામાં તેમજ સર્વ સાથે ભ્રાતુભાવ અને સ્નેહથી વરતવા શુદ્ધ આચાર અને સત્ય વિચાર રાખી આપણા દરેકનું હીત સમાયલું સમજી ભાગ લેવાની ફરજ છે.

અમારા માનવંત બ્રાહ્મણ ખુશાલદાસ જીવરામ કુકૈવાળા જેણે જ્ઞાતી બંધુઓનું પૈસા ઉઘરાણી સંબંધીનું કામ ઘણીજ ઉત્તશાથી બજાવ્યું છે અને બજાવી રહ્યા છે, જેને માટે અમો સરવે ભાઇઓ તેનો ઘણોજ આભાર માનીએ છીએ.

તૃષ્ણા જેવો બીજો રોગ નથી.

વિનંતી! વિનંતી!! વિનંતી!!!

ભાઇઓ! ભડકો નહીં હો!!!!

આ સર્વંનો લાભની વાત છે.

ૐ

ગેરલાભ કોઇ દરશાવશો???

—જવાબ—

નહીં, નહીં, નહીં.

તો ફરી વિલંબ શામાટે ભાઇ? જવાબ. જોને ભાઈ આ તમારી વાત તથા કામતો બધાં સારાં છે; પણ.......બસ ભાઇ બસ,! કેમ ભાઇ શું થયું? થાય શું! થવા જેવું કાંઇજ નથી. જોને ભાઇ સાંભળ, આ પણ, મગર અને લેકીન આપણી જે જે વાત તથા કામમાં આવ્યા તો ફરી તે તે વાતો તથા કામો ત્યાંજ અટકી ઉભા રહેવાના હો! આગળ વધવાના નહીં. માટે જોને ભાઇ ઉપલા સવાલનો જવાબ જ્યારે નહીં નો છે. તો ફરી આ કામ તથા વાતમાં આપણુ સરવે ભાગ લેવાની ફરજ છે. કારણકે ગેરલાભ નથી અને લાભનીજ વાત છે. માટે ભાઇ બનતા સુધી આ પણ, મગર અને લેકીન આવા બોલો સારા ભલા કામમાં લાવશો નહીં એવી વિનંતી પુર્વક અરજ છે.

તથાસ્તુ. શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પ્રશ્રમમાં ભાગ લેનારા સદ્‌ગૃહસ્થોનાં નામ.

મકનજી હાસાભાઇ
લાલદાસ જેઠાભાઇ
કાનજી દયાલજી
અમરભાઇ લાલદાસ
ગોવીંદજી પ્રેમજી
સામજી જેરામભાઇ
ભગવાનદાસ વાલજીભાઇ
ગણેશદાસ રૂપાજી
અમરભાઇ રતનદાસ
પરભુદાસ ભગવાનજી
વીસનામજી પ્રેમજી
ડાયાભાઇ પ્રેમજી
નરસીદાસ ભગવાનજી
વીસરામ ફકીરજી
ભગવાનદાસ મીઠાભાઇ
કાનજી માવજી
છીબાદાસ વીરાજી
કેશવદાસ રતનજી
ગોપાલદાસ ગોવીંદજી
જેરામભાઇ લાલજી
ડાયાભાઇ લાલજી
લાલજી રામજી
રતનજી વલભજી
રામદાસ જીવાભાઇ
છીબાભાઇ સામજી
મંછાભાઇ સામજી
કાલીદાસ વાલજી પંજાબાવાળા
પ્રેમજી રામજી
ખાલપભાઈ હીરજી કોસાડીઆ
કાનજી ભગવાનજી
નારણજી સામજી
મીઠાદાસ નાથાભાઇ
ડાયાભાઇ કુબેરજી
નાથાભાઇ લાલજી
જીવણદાસ જીણાજી
લાલદાસ ભાણુજી
ભગવાનદાસ જીવણભાઇ
ગોવીંદજી વીરજીભાઇ
બાવજી ગણેશદાસ
મકનજી કાલીદાસ
મુલજી છીબાભાઇ
મુલજી લાલજી (દાકતર)
લાલજી સામજી
લાલજી છીબાભાઇ
લછમનદાસ ભીખાભાઇ
કુબેરજી પ્રેમજી
કાનજી ભાણાભાઇ
કોલાજી ભાણાભાઇ
જગાભાઇ ધનજી
ગણેશદાસ હાસાભાઇ
ધનજી વાલજી
ભાણાભાઇ ગોસાઇજી
કાનજી સોલુભાઇ
લાલાભાઇ અમરોલીઆ
સામજી જેરામભાઇ વનમારી
કાનજી વાલજી પંજાબાવાળા